વડીલોને વંદન અભિનંદન

નારાયણભાઈ કે. પટેલ
(૧૯૩૨)ફોનઃ ૨૩૨૨૩૪૦૧



દિલીપકુમાર એચ. જાની
(૧૯૩૯)ફોનઃ ૨૩૨૨૪૫૩૩

નિરૂપમાબેન વી. ચૌહાણ
(૧૯૫૭)ફોનઃ ૨૩૨૨૪૫૭૫

પ્રજાસત્તાક દિનની ઉજવણીના સંદર્ભે ગાંધીનગરમાં સેક્ટર-૧૧ના રામકથા મેદાનમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પોલીસ પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું રીહર્સલ યોજાયું હતું. પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં નાગરીકો ઉત્સાહભેર જોડાય એવો અનુરોધ જિલ્લા તંત્ર દ્વારા કરાયો છે. (તસવીર : દિપક જાની)

બંધારણીય કચેરીઓ માટે ૬૯ કરોડના ખર્ચે બે નવા બ્લોક તૈયાર કરાયા

૭ મજલાના બે બ્લોકને કોર્પોરેટ ટચ અપાયો : ટૂંકમાં લોકાર્પણ વિધિ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

સે-૧૦માં નિર્માણભવન પાછળના ભાગમાં રાજયકક્ષાની અને બંધારણીય કચેરીઓ માટે બે નવા બ્લોકનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. રૂ. ૬૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ બંને બ્લોકનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થશે. ૭ મજલાના બિલ્ડીંગને કોર્પોરેટ ટચ આપી તૈયાર કરાયા છે.

સે-૧૦માં રાજયકક્ષાની બંધારણીય કચેરીઓને અનુલક્ષી બહુમાળી મકાન તૈયાર કરી દેવાયું છે. એલ આકારના બે નવા બ્લોક બનાવવામાં આવ્યા છે. નવીન બ્લોક નિર્માણ કરવા માટે માર્ચ ૨૦૧૨માં કામ શરુ કરવામાં આવ્યું હતું. ૭ મજલાના આ બંને બિલ્ડીંગના પ્રત્યેક માળને ૨૩૦૦ ચો.મી.ના બાંધકામ વિસ્તારથી આવરી લેવાયો છે. જયારે દરેક ફલોર પર બે ડાયરેકટર કક્ષાના અધિકારીઓ બેસી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

અંદાજિત રૂ. ૬૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ બ્લોકને સુવિધાસભર બનાવવા તેમજ કોર્પોરેટ ટચ આપવાનો પ્રયાસ કરાયો છે.

સંકુલમાં ફાયર ફાઈટીંગ સિસ્ટમ પાણીનો બોર, વોટર હાર્વેસ્ટીંગ તેમજ કમ્પાઉન્ડ વોલ પણ તૈયાર કરી દેવાઈ છે. સંકુલમાં આંતરિક માર્ગોનું પણ નિર્માણ કરાયું છે. આ ઉપરાંત ફલશ ડોર, કોઝી કોટ પ્લાસ્ટર, વીટ્રીફાઈડ ફલોરીંગ અને ગ્રેનાઈટના દાદર થકી બીલ્ડીંગને મોર્ડન લૂક અપાયો છે. નવનિર્મિત બંને બ્લોકની ટૂંકમાં લોકાર્પણ વિધિ યોજવામાં આવશે. આ ઉપરાંત ભાવિ સમયમાં જરુરીયાત મુજબ નવા બે બ્લોક બનાવવા પણ આયોજન હાથ ધરવામાં આવશે.

નગર પ્રદક્ષિણા ચ-૦ થી જ-માર્ગને બદલે ચ-માર્ગે પ્રસ્થાન કરશે

નગર પ્રદક્ષિણાના માર્ગમાં સેવાભાવી વ્યક્તિઓ અને સંસ્થાનો દ્વારા સેવા કેન્દ્રો : નગર પ્રદક્ષિણાનું સમાપન નગર વંદના અને રાષ્ટ્ર વંદનાથી થશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને સહયોગી સંસ્થાઓ દ્વારા તારીખ ૨૬મી જાન્યુઆરી ને રવિવારે યોજાનારી 'નગર પ્રદક્ષિણા' ચ-૦ થી નિકળીને ચ-માર્ગે થઈને ચ-૭ પહોંચશે. સલામતિના કારણોસર 'નગર પ્રદક્ષિણા' જ-માર્ગને બદલે ચ-માર્ગેથી પસાર થશે.

ગાંધીનગર સ્થાપનાના ૫૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે તે નિમિત્તે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નગરની સ્વૈચ્છિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના સહયોગથી સુવર્ણ ગાંધીનગર ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવની ઊજવણીનો આરંભ તારીખ ૨૬મી જાન્યુઆરીએ 'નગર પ્રદક્ષિણા'થી થઈ રહ્યો છે. ૨૧ કિ.મી.ની 'નગર પ્રદક્ષિણા'નો પ્રારંભ રવિવારે સવારે ૫.૩૦ કલાકે ચ-૦ સર્કલ પાસે ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતેથી થશે. ચ-૦ થી ચ માર્ગ પર થઈને 'નગર પ્રદક્ષિણા' ચ-૭ પહોંચશે. ચ-૭ થી ક-૭ થઈને 'નગર પ્રદક્ષિણા' ક-૫ પહોંચશે. ક-૫ થી ખ-૫ અને ખ-૫ થી ખ-૦ થઈને 'નગર પ્રદક્ષિણા' પુનઃ ચ-૦ ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ પહોંચશે.

'નગર પ્રદક્ષિણા'માં જોડાનાર તમામ પદયાત્રીઓની સેવામાં 'નગર પ્રદક્ષિણા'ના માર્ગમાં ગાંધીનગરના સેવાભાવી નાગરિકો, સંસ્થાનો અને વ્યાપારી એકમો દ્વારા સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

'નગર પ્રદક્ષિણા'નું સમાપન નગર વંદનાથી થશે. ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે સમુહ આરતીની સાથો સાથ રાષ્ટ્ર વંદના પણ કરાશે. ગાંધીનગર પ્રેમી નાગરિકોને 'નગર પ્રદક્ષિણા'માં જોડાવા ગાંધીનગર કલ્ચરલ ફોરમની યાદીમાં જણાવાયું છે.

ખૂણે... ...ખાંચરેથી

- સાઈબર કાઈમના વધતા બનાવોને નાથવા એક મહત્વનો સેમિનાર ૨૭મીએ અમદાવાદ ખાતે વિજ્ઞાન-પ્રાદ્યોગિકી વિભાગ દ્વારા યોજાયો છે.
- આજે સચિવાલયના સામાન્ય વહીવટ વિભાગના અગ્રસચિવ શ્રી કે. શ્રીનિવાસને રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણી નિમિત્તે જાગૃત મતદાર તરીકેના કર્મચારીઓને શપથ લેવડાવ્યા હતા.
- સ્માર્ટ કીડ્ઝ નર્સરી સ્કૂલનો આજે વાર્ષિકોત્સવ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાયો છે.
- જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપે આજે ડભોડા પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લઈ કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા.
- તીવ્ર ઠંડીને કારણે શહેરમાં મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં થોડોક ઘટાડો નોંધાયો છે.
- ફિલ્મ અભિનેતા સલામનખાન સે. ૧૬માં આવી રહ્યાની અફવાને લઈ તેના ચાહકો મલ્ટીપ્લેક્સ સિનેમા ખાતે મોટી સંખ્યામાં એકત્ર થયા હતા.

ગાંધીમિત્ર વર્તુળની બેઠક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીમિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક આજરોજ શનિવાર સાંજે ૪.૦૦ કલાકે ગાંધીજન ગિજુભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી સેક્ટર-૨૨ ખાતે મળશે. બેઠકમાં ગાંધીમિત્ર વર્તુળના સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આનંદનો ગરબો

શ્રીમતી ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે તા. ૨૭ જાન્યુઆરી સોમવાર સવારે ૧૦-૦૦ કલાકે ભાનુમતિ જશવંતલાલ મોદીના નિવાસ સ્થાને 'જયંજશ' પ્લોટ નં. ૩૬૫/૧, શ્રેયસ સોસાયટી, ઘ-૫ કોર્નર, સે-૨૨ ખાતે યોજાશે.

ધ્વજવંદન કાર્યક્રમ

દેશના ૬૫માં પ્રજાસત્તાક દિવસને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૨૬મી જાન્યુઆરી, રવિવાર સવારે ૮.૩૦ કલાકે મહાનગરપાલિકા એમ.એસ. બિલ્ડીંગ પથિકાશ્રમ પાસે સેક્ટર-૧૧ ખાતે મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવશે. કાર્યક્રમમાં નગરના નાગરિકોને જોડાવા જણાવ્યું છે.

આસારામની જામીન અરજીની ૨૯મીએ સુનાવણી

ગાંધીનગર, તા.૨૪

યૌન શોષણ કેસમાં ઝડપાયેલા આસારામ સહીતના આરોપીઓ સામે ગાંધીનગર કોર્ટમાં ચાર્જશીટ રજૂ થયા બાદ દાખવ થયેલી જામીન અરજી સંદર્ભે ૨૯ જાન્યુઆરીના રોજ સુનાવણી હાથ ધરાશે. આ કેસમાં ચાર્જશીટના લખાણ અને વિડીયોગ્રાફીમાં વિરોધાભાસ હોવાની રજૂઆત પણ આસારામના વકીલે કોર્ટ સમક્ષ કરી હતી.

યૌન શોષણ કેસમાં પકડાયેલા આસારામના સહીતના અન્ય આરોપીઓ વિરૂદ્ધ ચાંદખેડા પોલીસે અગાઉ ૭૦થી વધુ પાનાનું ચાર્જશીટ તૈયાર કરી કોર્ટમાં રજૂ કર્યું હતું. જયારે અગાઉ સેસન્સ કોર્ટમાં આસારામની જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી. ત્યારબાદ ચાર્જશીટ ફાઈલ થયા બાદ આસારામના વકીલે ડીસ્ટ્રીકટ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. આ કેસ સંદર્ભે ડિસ્ટ્રીકટ કોર્ટમાં આસારામના વકીલ બી.એમ. ગુપ્તાએ રજૂઆતમાં જણાવ્યું હતું કે અગાઉના કેસોમાં આઠ-દસ દિવસની જૂની ફરિયાદમાં પણ આરોપીને જામીન મળે છે જયારે આ કેસની ફરિયાદ ૧૨ વર્ષ જૂની છે.

વિકાસ ખોજ યાત્રા : ગુજરાત સરકારના વિકાસના દાવાઓની પોલ ખોલવા માટે પ્રદેશ યુવક કોંગ્રેસ દ્વારા વિકાસ ખોજ યાત્રા આરંભાઈ છે. ગુજરાતના ખૂણે ખૂણે પગપાળા જઈ વિકાસના દાવાઓને ખોટા ઠેરવતા આંકડા અને વાસ્તવિક ચિત્ર રજૂ કરવા કોંગ્રેસ યુવક કાર્યકરો ગામડા ખૂંદી રહ્યા છે. ક્યાંક કાદવ-કિચડ, ક્યાંક તૂટેલા મકાનો, ક્યાંક શાળાઓમાં સુવિધાઓનો અભાવ, ક્યાંક તૂટેલા - ભંગાર હાલતમાં દવાખાના જેવી વાસ્તવિકતાઓ સમાજ સમક્ષ રજૂ કરી ભાજપ સરકારના ખોટા દાવાઓનો પર્દાફાશ કરે છે.

પેટ્રોલ પુરું થઈ જતાં ચોરેલી ગાડી મુકીને ચોર બીજી ગાડી ચોરી ગયો...!

રાત્રે સે-૨૬માંથી ગાડી ચોરી સે-૧૩ પાસે ચોર પહોંચ્યો ને પેટ્રોલ પુરું થઈ ગયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સે-૨૬ સૂર્યનારાયણ સોસાયટીમાંથી એક ગાડી ચોરીને કોઈ શખ્સ રાત્રે ફરાર થઈ ગયો હતો. સે-૧૩ પાસે પહોંચ્યો ત્યાં ગાડીમાંથી પેટ્રોલ પુરું થઈ ગયું અને ગાડી ત્યાં જ મુકીને ચોર બાજુમાં પડેલી બીજી ગાડી ચોરીને ભાગી ગયો. સે-૧૩માં ઘર આંગણે પોતાની ગાડીને બદલે બીજી ગાડી જોઈને કાર માલિક આરટીઓમાં ગયો અને ચોર જેની ગાડી મુકી ગયો તે ગાડીના માલિકનું સરનામું લઈ સે-૨૬ પહોંચ્યો હતો અને કહ્યું કે તમારી ગાડી મારે ત્યાં મુકી ગયોને મારી ગાડી તે ચોર ઉઠાવી ગયો...!

મળતી માહિતી મુજબ સે-૨૫ના સુર્યનારાયણ સોસાયટીમાં રહેતો એક યુવાન સવારે ઉઠીને બહાર નીકળ્યો તો તેમના ઘર આંગણે પાર્ક કરેલી તેમની મારૂતિ ફંટી ગાડી ગાયબ હતી. પડોશીઓને આ અંગે જાણ કરી. ચોંકી ગયેલા કાર માલિક યુવાને પોલીસ ફરિયાદ કરવા જવાનું વિચાર્યું..! પડોશીઓએ સૂચન કર્યું કે પેટ્રોલ કેટલું હતું? પેટ્રોલ ઓછું જ હતું તેમ જવાબ મળતા પડોશીઓએ કહ્યું કે આસપાસમાં એક વાર તપાસ કરી જુઓ કદાચ મળી જાય તો...! તેટલામાં એક ભાઈ મકાનનો નંબર શોધતા શોધતા તેમની પાસે આવ્યા..! જેની કાર ચોરાઈ ગઈ હતી તેમને આવીને પુછયું કે તમારી ફંટી ગાડી ચોરાઈ છે? જવાબ હા મળતા આખી કહાણી કહી. તેમની મારુતી ફંટી સે-૧૩માં ઘર આંગણે પડી હતી અને પોતાની ગાડી તે જગ્યાએથી ગાયબ હતી. આર.ટી.ઓ જઈને ફંટીના નંબરને આધારે માલિકનું સરનામું મેળવીને અહીં પહોંચ્યા...! પેટ્રોલ સે-૧૩માં પુરું થઈ જતા ચોર ફંટી ત્યાં મુકીને બીજી ગાડી એટલે કે જે ભાઈ આવ્યા હતાં તેમની ગાડી ચોરીને ભાગી ગયો હતો.

પ્રેમલગ્ન કરવા ભાગેલા પ્રેમી યુગલનું ત્રિમંદિરથી અપહરણ

ગાંધીનગર, તા. ૨૪

કલોલના લીંબોદરા ગામના યુવક-યુવતી પ્રેમલગ્ન કરવા ભાગી ગયા હતા. ગઈ સાંજે તેમની વેગનઆર ગાડીને સેન્ટ્રો ગાડી પર આવેલા યુવતીના કુટુંબીજનોએ ત્રિમંદિર પાસે આંતરીને લાઠીઓથી ફટકાર્યા હતા અને પ્રેમી યુગલનું વેગનઆર ગાડીમાં અપહરણ કરી લીધુ હતુ. યુવકને રાત્રે ૩ વાગે લીંબોદરા ઉતારી દેવાયો હતો પરંતુ યુવતી અને અપહરણકારોનો હજુ સુધી પત્તો મળ્યો નથી. અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ કે.બી. રાણાવતે વધુ તપાસ શરૂ કરી છે.

કલોલના લીંબોદરા ગામમાં રહેતા મોહનભાઈ દેવજીભાઈ ચૌધરીના દિકરાએ ગામમાં જ રહેતી રબારી યુવતી સાથે પ્રેમલગ્ન કરવા તેણીને ભગાડી હતી. પ્રેમીયુગલને વેગનઆર ગાડીમાં બેસાડીને પિતા મોહનભાઈ ત્રિમંદિર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ગઈ સાંજે સાડા આઠ વાગ્યાના અરસામાં યુવતીનાં કુટુંબીજનો સેન્ટ્રો ગાડી પર પાછળથી આવ્યા અને વેગનઆરને આંતરીને ગાડી ઉભી કરાવી દઈ ગાળાગાળી કરીને લાકડીઓ મારી અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપીને પ્રેમી યુગલનું સેન્ટ્રો ગાડીમાં અપહરણ કરી લેવાયું હતું. મોડી રાત્રે ૩ વાગ્યાના અરસામાં યુવતીના કુટુંબીજનો અપહરણકારોએ યુવકને છોડી મુક્યો હતો. પરંતુ હજુ યુવતી તેમની પાસે છે.

પરેશ પંચાલના પિતા પાસેથી પણ ૧ કિલો સોનુ મળી આવ્યુ

બિરસા મુંડા ભવન ઉચાપત પ્રકરણના મુખ્ય સૂત્રધાર પરેશ પંચાલના રિમાન્ડ તા. ૨૪ સુધી મળ્યા હતા. આજે તેને રજુ કરાતા કોર્ટે વધુ પુછતાછ માટે ત્રણ દિવસના ફર્ધર રિમાન્ડ મંજુર કર્યા છે. પરેશ પંચાલના પિતા પાસેથી પણ પોલીસને ૧ કિલો સોનુ મળી આવ્યું છે તે પણ ઉચાપતના રૂપિયાનું જ હોવાનું જાણવા મળ્યું છે. પરેશ પંચાલે તેના મિત્રોને ૧૭ લાખ રૂપિયા વાપરવા માટે આપી દીધા હતા. તે રૂપિયા પણ પોલીસે રીકવર કર્યો છે. તે ઉપરાંત તેના પિતા પાસેથી મળેલુ ૧ કિલો સોનુ પણ રિકવર કરી દેવાયું છે. બેંકમાં જમા કરેલ ઉચાપતના રૂપિયા ફ્રિઝ કરી દેવામાં આવ્યા હતા તે રૂ. ૨.૦૧ કરોડ પણ પોલીસે ડીફ્રીઝ કરીને રિકવર કર્યો છે. હજુ તપાસ બાકી છે અને રિમાન્ડ પુરા થઈ જતા આજે તેને કોર્ટમાં રજુ કરી પોલીસે ફર્ધર રિમાન્ડની માંગણી કરી હતી.

ટચૂકડી જાહેર ખબર

એકાઉન્ટન્ટ જોઈએ છે

ગાંધી એન.પી.+માં વિહાન પ્રોજેક્ટ અંતર્ગત ચાલતા કેર એન્ડ સપોર્ટ સેન્ટરમાં એકાઉન્ટન્ટ જોઈએ છે. ઈચ્છુક ઉમેદવારે નીચેના સરનામે બાયોડેટા કુરીયર અથવા ઈમેલ કરવા.

સરનામું
કેર એન્ડ સપોર્ટ સેન્ટર
પ્લોટ નં. ૮૭૮/૧, સેક્ટર-૬સી, ગાંધીનગર - ૩૮૨૦૦૬
કોન્ટેક્ટ નં.
૯૫૭૪૩૬૦૦૧૧
Email :
gandhinagar_gsnpplus@yahoo.co.in

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, THANE.
PUBLIC NOTICE
Process Rs.15/- Advocate: A.V. Agwane
Before the court of 9 th Addi. District Judge Thane
MACP NO. 777/08
EXH.NO. 21
AYUB ABDUL SAYYED .... Applicant.
V/s
M/S. DILESH ROADLINES LTD. &3 ...Opponents
To,
M/S. DILESH ROADLINES LTD,
Add: Plot No. 28, Opp. Vasala Petrol Pump, GIDC.Vapi, Tal. Paradi, Dist. Valsad, Gujrat, Pin- 396191.
Whereas the above named applicant has filed Accident Claims Application for the compensation of Rs. 2,04,500/- in the Tribual against you &others.
You are hereby given notice to appear in the Tribunal in person or by pleader duly instructed and to file your say on or before 11/02/2014 at 10.30 a.m. Falling which the said application will be heard in your absence and determined ex-parte.
Given under my hand and seal on this 06 day of jan. 2014.
SEAL
By Order
Sd/- Clerk, M A C T, Thane.
Sd/- Superintendent, M A C T, Thane.

મોડાસા નગર સેવા સદન, મોડાસા
ખાતમુહૂર્ત - લોકાર્પણ સમારોહ અને અરવલ્લી ઉત્સવમાં આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભવ્ય હાર્દિક સ્વાગત કરે છે.
જાહેર નિમંત્રણ

મોડાસાના નગરજનોને આ સમારોહમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ છે.

તારીખ : ૨૫-૧-૨૦૧૪, શનિવાર
સમય સવારે ૧૦.૦૦ કલાકે
સભા સ્થળ : સરકારી એન્જિનીયરીંગ કોલેજ સામેનું જિલ્લા સેવા સદનવાળું મેદાન, શામળાજી રોડ, મોડાસા
એલ. બી. દેસાઈ, મુખ્ય અધિકારી | જશવંતભાઈ વી. શાહ, ઉપપ્રમુખ | એસ. આર. પટેલ, પ્રમુખ
તમામ કાઉન્સીલરશ્રીઓ
મોડાસા નગર સેવા સદન